# ધાનેરા પાલિકા ઊંઘમાં : લોકો ગંદકીથી ત્રસ્ત

## લોકોએ પાલિકાને આપી ચીમકી ગંદકી દૂર નહિ કરો તો અમે વેરો નહિ ભરીએ

ધાનેરા, તા. ૧૮

ભાજપની સરકાર એક તરફ સ્વચ્છ ભારત બનાવવા માટે લાખોનો ધૂમાડો કરી રહી છે ત્યારે ધાનેરાની ભાજપ શાસિત નગરપાલિકા સ્વચ્છ ભારત અભિયાનના ધજીયા ઉડાવી રહી હોય તેવું લાગી રહ્યું છે. વાત આટલી જ નથી કે સ્વચ્છ ભારત અભિયાનના ધજીયા ઉડાવવા પરંતુ લોકો સફાઈ બાબતે રજુઆત કરવા જાય તો તેનું તો પાલિકા સાંભળતી જ નથી. માટે ધાનેરાના લોકોએ સફાઈ બાબતે અવાજ ઉઠાવ્યો છે અને ધાનેરા પાલિકાને લેખિત અરજી આપી છે કે જો પાલિકા દ્વારા ત્રણ દિવસમાં ધાનેરાની સફાઈ કરવામાં નહિ આવે તો અમે લોકો જાતે સફાઈ કરશું પણ પાલિકાને કોઈ જ જાતનો વેરો અમે નહિ ભરીએ.


(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

બનાસકાંઠાની ધાનેરા નગરપાલિકા જ્યારથી ભાજપ શાસિત બની છે ત્યારથી જાણે ધાનેરાના લોકોની મુશ્કેલીમાં વધારો થઈ રહ્યો છે અને પાલિકા ભાજપ શાસિત હોવાથી કોઈનું સાંભળવા પણ તૈયાર નથી જો ધાનેરાના લોકોની મોટી મુશ્કેલીની વાત કરવામાં આવે તો તે છે ગંદકી. ધાનેરા વિસ્તારમાં અગાઉ પણ ગંદકીના કારણે ધાનેરામાં મોટો કોલેરાનો રોગચાળો ફાટી નીકળ્યો હતો. જેમાં ૮ જેટલા લોકો મોતને ભેટ્યા હતા. ૨૦૦૦ કરતા પણ વધારે લોકો આ રોગચાળાનો ભોગ બન્યા હતા. તે સમયે પણ ધાનેરા પાલિકા ભાજપ શાસિત હતી અને અત્યારે પણ ભાજપ શાસિત છે અને અત્યારે ધાનેરામાં જ્યાં જુઓ ત્યાં ગંદકી જ જોવા મળે છે. માટે ધાનેરાના લોકો દ્વારા પાલિકામાં વારંવાર રજૂઆત કરવા છતાં પણ પાલિકા સફાઈ કરતી નથી. તેથી લોકો જણાવી રહ્યા છે કે વારંવાર પાલિકામાં જાણ કરવા છતાં પણ પાલિકા અમારૂ સાંભળવા તૈયાર નથી તે માટે અમારે મીડિયાનો સહારો લેવો પડ્યો છે. આજે જો હજુ પણ નહિ સાંભળે તો અમે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરશું.

## ખેડબ્રહ્મામાં ગુડલીબાજ શિક્ષકની ગેરહાજરી પુરતા શિક્ષકને ગુટબાજોએ ઢોર માર માર્યો

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્માની સાકરીયા ફળી પ્રાથમિક શાળાના ગુટલીબાજ શિક્ષકની ગેરહાજરી પુરતા ચાર ગુટલીબાજોએ ભેગા થઈ ઉપશિક્ષકને ઢોર મ ાર મારતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

ખેડબ્રહ્મા સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાઓમાં નોકરી કરતા શિક્ષકો વારંવાર ગેરહાજર રહેવાના કિસ્સા પ્રકાશમાં આવે છે. જ્યારે કેટલાક શિક્ષકો ચાલુ શાળાએ ગેરહાજર રહેતા અનેક અવ્યવસ્થા સર્જાય છે. બે દિવસ અગાઉ ખેડબ્રહ્મા નજીકના બાવળ ગામે આવેલી સાકરીયા ફળી પ્રાથમિક શાળામાં સોમવારે ચાર શિક્ષકો ગેરહાજર રહ્યા હતા. આથી શાળાના અન્ય હાજર શિક્ષકે શાળાના હાજરી પત્રકમાં શિક્ષકોની ગેરહાજરી દર્શાવી હતી. આથી ઉશ્કેરાયેલા ગુટલીબાજ ચાર શિક્ષકોએ હાજરી પત્રકમાં ગેરહાજરી દર્શાવનાર શિક્ષકને પકડીને ઢોર માર મારીને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ઘાયલ શિક્ષકે આ ઘટના અંગે ઉચ્ચ અધિકારીને જાણ કરવા છતાં કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા આખરે ભોગ બનનાર શિક્ષકે ખેરોજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## રાષ્ટ્રપતિશ્રી પ્રણવ મુખર્જીના ધર્મપત્ની શ્રીમતી સુબ્રા મુખર્જીના દુઃખદ નિધન પર શોક વ્યક્ત કરતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૧૮

ભારતના રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જીના ધર્મપત્ની શ્રીમતી સુબ્રા મુખર્જીના દુઃખદ નિધન પર ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ ઊંડા શોક અને આઘાતની લાગણી વ્યક્ત કરી છે.

રાજ્યપાલશ્રીએ શોક સંદેશમાં જણાવ્યું છે કે, શ્રીમતી સુબ્રા મુખર્જીના દુઃખદ નિધનથી દેશ અને સમાજે એક ઓજસ્વી પ્રતિભા ગુમાવી છે. જેની ખોટ ક્યારેય પુરી શકાય તેમ નથી.

સર્વ શક્તિમાન ઈશ્વર દિવંગતની આત્માને ચિરશાંતિ પ્રદાન કરે અને રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જી અને તેમના પરિવારજનોને આ અસહનીય દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના કરી રાજ્યપાલશ્રીએ સ્વર્ગસ્થ શ્રીમતી સુબ્રા મુખર્જીને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા છે.

### રાષ્ટ્રપતિશ્રીના ધર્મપત્ની સ્વર્ગસ્થ શ્રીમતી સુબ્રા મુખર્જીને મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલિ

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જીના ધર્મપત્ની શ્રીમતી સુબ્રા મુખર્જીના દુઃખદ અવસાન અંગે શોકની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ પાઠવી છે.

શ્રીમતી આનંદીબહેન પટેલે પાઠવેલા શોકાંજલિ સંદેશમાં સ્વર્ગસ્થ શ્રીમતી સુબ્રાજીના આત્માની પરમ શાંતિ માટે પ્રભુ પ્રાર્થના કરી છે.

# બનાસ નદીમાં ચાર બાળકો ફસાયા ત્રણનો બચાવ એકની શોધખોળ

ડીસા, તા. ૧૮

ડીસા તાલુકાના વાસણા ગામ નજીક થી પસાર થતી બનાસ નદીમાં હાલ દાંતીવાડા ડેમમાંથી છોડાયેલ પાણી આવતા આ નદી હાલ એક કાંઠે વહેતી થઈ છે જોકે નદીમાં કોરી ઉદ્યોગથી ઉંડા ખાડા પડેલ હતા જેમાં પાણી અને કાદવકીચડ ભરાયેલ છે,ત્યારે વાસણા ગામના ચાર કિશોર આ ભયજનક પાણીમાં નાહવા પડતા તણાવા લાગ્યા હતા, જોકે આ ચાર કીશોર માંથી ત્રણ નો ચમત્કારિક બચાવ થયો હતો, જયારે એક બાળક પાણીમાં ડૂબી જતા તેને શોધવા તંત્ર કામે લાગ્યું છે

ડીસા તાલુકાના વાસણા ગામે આવેલી બનાસ નદીમાં ન્હાવા પડેલા ચાર માસુમ કિશોરો પાણીમાં ડૂબવા લાગ્યા હતા જોકે સ્થાનિકો એ ત્રણ કિશોરો બચાવ્યા હતા જયારે એક કિશોર પાણીમાં ગરકાવ થતા તેના મોતની આશંકા સેવાઈ રહી છે અને તંત્રે તેને શોધવા કવાયત હાથ ધરી છે બનાસકાંઠામાં સુસુજ્ઞ એવી બનાસ નદી ઉપરવાસમાં વરસાદ થતા અને આ નદી પર બંધાયેલા દાંતીવાડા ડેમ માં ભયજનક સપાટી નજીક પાણી આવતા આ ડેમમાંથી પણ પાણી છોડાતા બનાસ નદી એક કાંઠે વહેતી થઈ છે જેમાં આજે ડીસા તાલુકાના વાસણા ગામ નજીક બનાસનદી માં ચાર કુમળી વયના કિશોરો નાહવાની મજા માણવા પહોચ્યા હતા,જોકે આ નદીમાં ડા ખાડા હોવાથી અને તેમાં પાણી ભરાતા કાદવકીચડ થતા આ નહાવા પડેલા ચારે બાળકો ડૂબવા લાગ્યા હતા, જોકે ચાર બાળકો ને ડૂબતા જોઈ આજુબાજુના સ્થાનિકો દોડી આવ્યા હતા જેમાં તરવૈયા મુકેશ અને રમેશભાઈ એ મહા મહેનતે અશ્વિન મનુભાઈ પટણી ઉમર વર્ષ૧૦, સંજય રમેશભાઈ માજીરાણા ઉમર વર્ષ૧૨, મનુભાઈ મફાભાઈ મકવાણા ઉમર વર્ષ ૧૨ નામના ત્રણ બાળકોને મોતના મુખમાં જતા બચાવ્યા હતા.

જયારે ચોથો કિશોર સમિલ રામચંદભાઈ દેવીપુજક ઉમર વર્ષ ૧૨ પાણીના કાદવ માં ગરકાવ થઈ જતા હાલ તેની શોધખોળ કરાઈ રહી છે, જોકે ૩ કલાક બાદ ઘટના સ્થળે પહોચેલા નાયબ મામલતદાર કલાજી ઠાકોર સરપંચ ફતાભાઈ તેમેજ સર્કલ યુનુસ ઘાસુરા અને તંત્રે સ્થાનિક તરવૈયા ની મદદથી આ બાળક ની શોધખોળ શરુ કરી છે જોકે લાંબો સમય પાણીમાં ગરકાવ થયેલ આ બાળકનું મોત થયા ની આશંકા સેવાઈ રહી છે.


(તસવીર : કશ્યપ નીમાવત)

ગાંધીનગરમાં મીના બજાર તરફથી સેક્ટર-૨૧ તરફ જવા માટે અંડર બ્રીજ બનાવેલ છે. જેમાં સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન પાસે બ્રીજની શરૂઆતમાં છતના લોખંડના સળિયા દેખાય છે. મતલબ તે ત્યારે ગંભીર અકસ્માત થઈ શકે છે. દરરોજ ત્યાંથી ઘણા લોકો પસાર થાય છે. આ અંગે તાત્કાલિક રીપેરીંગ કામ થાય તેવી લોકમાંગણી છે.

# આજે અમદાવાદ ખાતે 'ભારતીય કથા સાહિત્યમાં ગ્રામ ચેતના' વિષય પર સેમિનાર

ગાંધીનગર, તા. ૧૮

યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન અને સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સરસપુર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે 'ભારતીય કથા સાહિત્યમાં ગ્રામ ચેતના' વિષય પર ગુજરાતી, હિન્દી, મરાઠી સાહિત્યના સંદર્ભમાં નેશનલ સેમિનારનું આયોજન તા. ૧૯-૮-૧૫ને બુધવારના રોજ સરસપુર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે રાખવામાં આવ્યું છે.

સેમીનારનું રજીસ્ટ્રેશન સવારે ૮.૩૦થી ૧૦ કલાક દરમ્યાન થશે. ત્યારબાદ ઉદ્ઘાટન ડૉ. એમ. એન. પટેલના હસ્તે કરવામાં આવશે. ડૉ. ઉર્મિલાબેનની અધ્યક્ષતામાં આ કાર્યક્રમ યોજાશે. જેમાં ડૉ. દક્ષેશ ઠાકર, પ્રિ. કિશોરસિંહ સોલંકી, પ્રો. ડૉ. રતિલાલ પુરોહિત, મીરાબેન મેનન ખાસ ઉપસ્થિત રહેશે.





## ચિલોડા પ્રાથમિક શાળા ખાતે સ્વાતંત્ર્ય દિન દબદબાપૂર્વક ઉજવાયો

ચિલોડા સ્થિત પ્રાથમિક શાળા ખાતે ૬૯માં સ્વાતંત્ર્યદિને ગામના સરપંચ સવાજી ઠાકોરના અધ્યક્ષ સ્થાને ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સરપંચે ધ્વજવંદન કરી સલામી આપી હતી. આ કાર્યક્રમમાં શાળાના બાળકોએ ઉત્સાહભેર સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા. આ પ્રસંગે મહેમાનોએ બાળકોને પ્રોત્સાહન ઈનામો આપી વધુ પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે ગામના અગ્રણી જૈમિન પટેલ, વિષ્ણુભાઈ પટેલ, તખતસિંહ ઠાકોર વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહી બાળકોને ભેટ-ઈનામો આપી પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. શિક્ષણવિદ નટુભાઈ પટેલે ૬૯મા સ્વાતંત્ર્ય દિને આઝાદી અને સ્વાતંત્ર્ય સેનાનીઓની શહીદી વિશે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. આ સાથે રામદાસ પરિવાર તરફથી તિથિભોજન પીરસવામાં આવ્યું હતું. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## મહારેલી માટે મક્કમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

શક્યતા દેખાઈ રહી છે. બીજીબાજુ અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર ડી થારા કહી ચુક્યા છે કે, રિવરફ્રન્ટ ઉપર છેલ્લા એક વર્ષથી કોર્પોરેશન દ્વારા જે કામોને મંજુરી અપાઈ છે તે સામાજિક અને ધાર્મિક કાર્યો સાથે સંબંધિત રહ્યા છે. આંદોલન સાથે સંબંધિત કોઈપણ કાર્યક્રમને મંજુરી આપવામાં આવી નથી. અમદાવાદમાં ૧૬મીએ પાટીદાર સમુદાયના લોકોએ આક્રમક રેલી યોજી હતી, જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. રિવરફ્રન્ટ ખાતે મંજુરી ન મળતાં હવે તર્ક વિતર્કોનો દોર શરૂ થયો છે. ગઈકાલે જ સૌરાષ્ટ્રના પટેલ સમુદાય દ્વારા પ્રભુત્વ ધરાવનાર ૯૦,૦૦૦ કરોડના ડાયમંડ સિટી સુરતમાં ભવ્ય શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં લાખોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. અનામત આંદોલનને દિનપ્રતિદિન તીવ્ર બનાવનાર મુખ્ય સંગઠન પૈકીના એક પાટીદાર અનામત આંદોલન સમિતિના નેતાઓનું કહેવું છે કે, આનાથી પણ વધારે આક્રમક કાર્યક્રમો યોજવામાં આવશે. સુરતમાં જોરદાર કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.બીજીબાજુ આંદોલનને લઈને આવનાર દિવસોમાં દિલ્હીમાં પણ રજુઆત કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાટીદાર સમુદાયના શક્તિપ્રદર્શનના દોર વચ્ચે ગઈકાલે અનામતના મુદ્દે પાટીદાર સમુદાયના પ્રતિનિધિ અને ગુજરાત સરકાર દ્વારા બનાવવામાં આવેલી ખાસ ટીમ વચ્ચેની મંત્રણા ફ્લોપ રહી હતી. મંત્રણા ફ્લોપ રહેવા માટે કેટલાક કારણો જવાબદાર રહ્યા હતા. સરદાર પટેલ ગ્રુપ અને પાટીદારોમાં આંતરીક મતભેદો સપાટી પર દેખાઈ આવ્યા હતા. મંત્રણા બાદ સરકાર સાથે વાતચીત કરનાર પ્રતિનિધિઓમાં જુદા-જુદા અભિપ્રાય જોવા મળ્યા હતા. અનામતના મામલે ગઈકાલે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. હાલમાં પાટીદાર સમુદાયનું આંદોલન જોરદારરીતે આગળ વધી રહ્યું છે. વિવિધ જગ્યાઓએ દેખાવો થઈ રહ્યા છે. અનામતની માંગણીને લઈને પાટનગર ગાંધીનગરમાં દેખાવો કરવામાં આવી ચુક્યા છે. ગઈકાલે નિતિન પટેલના નેતૃત્વમાં સમિતિ દ્વારા પ્રતિનિધિઓની રજુઆતો વિસ્તારપૂર્વક સાંભળી હતી. ઓબીસી દરજ્જા અને અનામતની માંગણીને લઈને પાટીદાર સમુદાયના લોકો લડાયક મૂડમાં દેખાઈ રહ્યા છે. ૧૬મી ઓગસ્ટના દિવસે અમદાવાદ શહેરમાં પાટીદાર સમુદાયની સૌથી વિશાળ બાઈક રેલી યોજાઈ હતી. અનામતની માંગણી સાથે ૨૭ કિલોમીટર લાંબી બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

## નવાં કલેવર (ચોથા પાનાનું ચાલુ...)

'ના, બાપુજી મારે સાસરેથી સીધી અહીં આવી છું.'

'અરે! આ તે શું કર્યું? પહેલાં તારા પિતાજી પાસે જવું જોઈએ.' ત્યારે પ્રત્યુત્તર આપતાં પ્રતિમા બોલી.

'તમે કયા પિતાની વાત કરો છો બાપુજી? પિતા તો એ હોય છે જે પોતાના સંતાનનું દુઃખ, સંતાપ સમજી શકે. તેને તેમાં સહાય કરી હૈયાધારણ આપે, હરદમ તેની સાથે ઉભેલા દેખાય. મારા પેલા તથાકથિત પિતાએ તો મારી સાથે એવું કંઈ કર્યું નથી. મારા હૃદયમાં તો બસ એજ પિતાની છબિ છે. જે મારી વ્યથા, સંતાપ અને દુઃખમાં મદદ કરવા માટે અડગ પહાડની જેમ ઊભા રહ્યાં.'

આ સાંભળી અમરસિંહ ભાવવિભોર થઈ ગયા. 'સારું બેટાં, જે તને ઠીક લાગ્યું તે...'

- vanvihari@gmail.com

## વિચારોનાં મધુવનમાં (ચોથા પાનાનું ચાલુ...)

પ્રદેશને આવરી લે છે. ધર્મ એટલે માનવ માનવ વચ્ચે સાયુજય સ્થાપે તે ધર્મ... માનવી શ્રદ્ધા દૃઢ કરે તે ધર્મ.. છેહ દે તે ધર્મ નથી.

એકાંતની કિંમત શું હોઈ શકે? દિના શાહની ગઝલનો એક શેર...

કોઈ બોલે કે ન બોલે એ સતત બોલ્યા કરે છે,
ભીતરે એકાંતની આ હાજરીની વાત છે.

અનુભવોને ગઝલમાં કંડારવાનો નાનકડો પ્રયત્ન...

એ બોલી હતી એકાંતમાં હસીને, યાદ રહી ગયું
વિદાયભરી નજર પણ ન મળી લાજિમ, યાદ રહી ગયું
રસ્તા વચ્ચે કોણ કોણ મળ્યું, સ્મરણ રાખી ન શક્યો
મુસાફરીનો થાક કોણ કોણ ઉતારતું ગયું, યાદ રહી ગયું
હતો એક મિત્ર જે રહીરહીને સ્મરણમાં આવ્યા કરે છે
કોણ લિસોટો માત્ર એક રક્તનો ડો દોરી ગયું, યાદ રહી ગયું
અલખને આધારે જીવ્યા કર્યું, બંધ નયનોથી જોયા કર્યું
અર્જુન બની અંધારામાં તીર આબાદ તકાઈ ગયું, યાદ રહી ગયું
એક પુરુષ એક સ્ત્રીથી બની છે દુનિયા, એવું લોકો કહે છે
પથ્થરની સુંવાળી લીલાશમાંથી કોઈ બોલી ગયું, યાદ રહી ગયું
અને હવે આટલું બધું વરસવાનું વારંવાર ક્યાં બને છે?
તણાતું તણાતું કોઈ કિનારે પહોંચી ગયું, યાદ રહી ગયું

## તપાસના આદેશ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમાન તકો મેળવવા હક્કદાર છે. ત્યારે લેખિત પરીક્ષા અને પેપર ચકાસણીમાં ગેરરીતિ અને કૌભાંડો થયા છે. ગેર રીતિઓને આધારે થયેલી લેખિત પરીક્ષા અને તેના કારણે યોજવામાં આવનાર ઈન્ટરવ્યુની કાર્યવાહી તેમજ ઉમેદવારોને તાલીમમાં મોકલતા અટકાવવા જોઈએ અને સમગ્ર ભરતી પ્રક્રિયાને અટકાવી ફરીથી પારદર્શક પ્રામાણિકતા મુજબ ભરતી નવેસરથી કરવામાં આવે તેવી માંગ સાથેનું આવેદનપત્ર અસંતુષ્ટ ઉમેદવારોએ મુખ્યમંત્રી સહિત પોલીસ ભરતીને આપ્યું હતું.

રાજ્ય સરકાર અને ભરતી બોર્ડ દ્વારા કોઈ મચક ન અપાતા અસંતુષ્ટ ઉમેદવારોના આગેવાન સિદ્ધરાજસિંહ સોલંકીએ ન્યાયની માંગ સાથે ગત ૧૧ ઓગષ્ટના રોજ ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી અને ૧૩ ઓગષ્ટ કેસ બોર્ડ પર આવતા હાઈકોર્ટના જજ જે.બી. પારડીવાલાએ પોલીસ બોર્ડની આકરી ઝાટકણી કાઢી હતી.

કોર્ટે ઉમેદવારો દ્વારા આપવામાં આવેલ આવેદનપત્ર મામલે મુખ્યમંત્રી, ડી.જી.પી., ગૃહમંત્રી અને ભરતી બોર્ડને દિવસ-૭માં ખુલાસો આપવા નોટિસ ફટકારી હતી અને જવાબ માંગ્યા હતા.

કોર્ટે અરજદારોની અરજીને ધ્યાને લઈ બોર્ડ દ્વારા જો યોગ્ય ખુલાસો ન આપવામાં આવે તો નવી અરજી કરવા પણ કોર્ટે હામી દર્શાવી છે.

## આર્થિકધોરણે અનામત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનામત ઉપરાંત જરૂરી સવલતો આપવા અને બ્રાહ્મણોના ઉત્કર્ષ માટે બ્રાહ્મણ આર્થિક વિકાસ નિગમની સ્થાપના કરવા સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો હતો. જ્યારે મંદિરોમાં માત્ર બ્રાહ્મણ પુજારીને જ સ્થાન આપવાની સાથે તેમને તમિલનાડુની સરકારના ધોરણે પગાર ચુકવવા પણ ઠરાવ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં ગુજરાત બ્રહ્મસમાજના પ્રમુખ શૈલેષભાઈ જોષી, મહામંત્રી અશોકભાઈ જાની, હેમાંગ રાવલ, અશ્વિન ત્રિવેદી, મહિલા બ્રહ્મસમાજના શકુંતલાબેન, પરશુરામ ફાઉન્ડેશનના જગત શુકલ, ભરતભાઈ રાવલ તેમજ કનૈયાલાલ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.

## Hello ફ્રેન્ડ્સ! (ચોથા પાનાનું ચાલુ...)

આપે. વડિલોએ એમના મોબાઈલમાં આવતાં પોર્ન ફોટો કે વીડિયો બંધ કરાવવા અથવા તો પાસવર્ડ સાથે રાખવાં.

જરુર ન હોય તો મોબાઈલ બાળકો મંતરે નહીં એનું ધ્યાન રાખવું. ઈન્ટરનેટ કનેકશન વાળું કોમ્પ્યુટર કોમન એરિયામાં રાખવું. દિકરા-દીકરીના ફ્રેન્ડ સર્કલ સાથે સંપર્કમાં રહેવું. બાળકો સાથે વાત કરતાં પોતે કરેલી આવી ભૂલો, અનુભવ શૅઅર કરવાં જેથી તેઓ પણ જો એવું કાંઈ કરતાં હશે તો ખૂલીને વાત કરશે. ધમકાવવાને બદલે કે જવાબ સંતાડવાને બદલે ઉંમર પ્રમાણે પ્રેમથી સમજ આપવી વધુ સારી... બાળક છે કોઈ ખોટી ગલીમાં વળી ગયા કે છાનુંછપનું કાંઈ જોઈ લીધું તો હોબાળો કરવાની જગ્યાએ પ્રેમથી પતાવટ કરી લેવી!

ચૂંટલો : પોર્નસાઈટ પર ડોકિયાં કરવાનું પરાક્રમ મેજોરીટી પુરુષો ઓછાવત્તે અંશે કરતાં જ હોય છે. તમે કરેલી ભૂલમાંથી બાળકોને બચાવવાં યોગ્ય વયે યોગ્ય માર્ગદર્શન અને એની સાવધાનીનો સંવાદ કરી શકશો તો કરિઅર અને કેરેકટર બંને ચમકી ઊઠશે!

(શિર્ષક પંક્તિ : કિશોર જીકાદરા)

## ખાસ પેકેજ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સહરસાના પટેલ મેદાન ઉપર પરિવર્તન રેલીને સંબોધતા મોદીએ બિહારના મુખ્યમંત્રી સામે પ્રહાર કરતા કહ્યું હતું કે, કેટલાક રાજનેતાઓના અહંકાર સાતમા આસમાન પર છે. આ નેતાઓના અહંકારને પ્રજા તોડી શકશે. કોશી ઘટનાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, મુખ્યમંત્રી નિતિશકુમારે ગુજરાત સરકારના ચેકને પરત કરી દીધો હતો. તે વખતે ગુજરાત સરકારના મુખ્યમંત્રી તરીકે તેઓએ કોશી પીડિતો માટે મદદ મોકલી હતી. કોશી વિસ્તાર માટે પાંચ કરોડ રૂપિયાનો ચેક મોકલ્યો હતો. પુરના પરિણામ સ્વરૂપે અનેક ગામ વિનાશના કિનારે પહોંચી ગયા હતા અને ૩૫ લાખ પરિવારો બરબાદ થઈ ગયા હતા. આ મદદને પરત કરી દીધા બાદ તેમને અપમાન જેવું લાગ્યું હતું. પરંતુ તેઓએ આની તરફ ધ્યાન આપ્યું નહતું. પરંતુ હવે પ્રજા આ પ્રકારના અહંકારી લોકોને બોધપાઠ ભણાવે તે જરૂરી છે. બિહારના લોકોને આના કારણે ખૂબ મોટું નુકશાન થયું છે. બિહારના ભાગ્યને બદલવા માટે અને નવા બિહારની રચના કરવા માટે સવા લાખ કરોડનું પેકેજ તેઓ આપી રહ્યા છે. સંસદના ગૌરવને જાળવી રાખીને અગાઉના પ્રવાસ દરમિયાન પેકેજની જાહેરાત કરી નહતી. લોકો કહી રહ્યા હતા કે, મોદી માત્ર બોલે છે કરતા નથી. આ પેકેજની જાહેરાત કરીને હવે લોકો કહેશે કે આ જુના પેકેજનો હિસ્સો છે. તેમણે ઉમેર્યું હતું કે, આ પેકેજથી બિહારના ચહેરાને બદલી દેવામાં આવશે.

પીએમએ કહ્યું હતું કે, સત્તા મેળવવા માટે જેડીયુ અને આરજેડી કોંગ્રેસની સાથે આવી ગયા છે. જયપ્રકાશ નારાયણે દેશનું ગૌરવ વધાર્યું હતું. જેપીને ઈન્દિરા ગાંધીની સરકારે જેલમાં પુરી દીધા હતા. ભ્રષ્ટાચારનો વિરોધ કર્યો ત્યારે જેપીને જેલ ભેગા કરી દેવાયા હતા. કોંગ્રેસ પાર્ટી જ જેપીના મોત માટે જવાબદાર છે. આજે આરજેડી અને જેડીયુ જેવી પાર્ટી જયપ્રકાશ સાથે વિશ્વાસઘાત કરી રહી છે. જેપીના શિષ્ય તરીકે પોતાને ગણાવનાર લોકો કોંગ્રેસની સાથે જતા રહ્યા છે. કોંગ્રેસ સાથે સૌદાબાજી જેપી સાથે વિશ્વાસઘાત સમાન છે. અલબત્ત બિહારની પ્રજાએ તો કોંગ્રેસને પહેલાથી જ બહાર કરી દીધી છે. બિહારની રાજનીતિ હવે પરિવર્તનની દિશામાં છે, નિતિશ સરકાર હવે રહેનાર નથી. બિહારવાસીઓને જંગલરાજનો ભય સતાવી રહ્યો છે. વડાપ્રધાને આંકડાઓનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, બિહારમાં ખતરો દેખાઈ રહ્યો છે. બિહાર પોલીસના આંકડા દર્શાવે છે કે, રાજ્યમાં અપરાધમાં અનેકગણો વધારો થયો છે.હિંસામાં ૪૬ ટકાનો વધારો થયો છે. રમખાણોના મામલામાં ૭૬ ટકાનો વધારો થયો છે. આ અગાઉ આરામાં બિહાર વિધાનસભા ચુંટણી પહેલાં મોદીએ આ રાજ્ય માટે પેકેજની જાહેરાત કરી હતી અને કહ્યું હતું કે, આનાથી લોકોને નવી તાકાત મળશે. મોદીએ આરામાં આ પેકેજની જાહેરાત કરી હતી. જાહેરસભાને પણ સંબોધી હતી. મોદીએ કહ્યું હતું કે, સવા લાખ કરોડ રૂપિયાના નવા પેકેજ અને ૪૦ હજાર કરોડ રૂપિયાના જુના પેકેજની આમાં વાત થયેલી છે.